નમુનો – ૧

અગ્રતા ક્રમ - ૨૦

વિભાગ – આરોગ્ય અને પરિવાર કલ્યાણ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૩/૫૨૭

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૧૪/૯/૨૦૨૩

ગુજરાત વિધાનસભા પંદરમી ગુજરાત વિધાનસભા (ત્રીજુ સત્ર)

પ્રશ્નનું શિર્ષક – અમદાવાદ જીલ્લામાં મેલેરિયાના કેસો

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ – શ્રી કાળુભાઈ ડાભી
તથા તેમનો મત વિસ્તાર - (ધંધુકા)

અગ્રતા ક્રમાંક -૨૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૫/૩/૫૨૭

માન.ધારાસભ્યશ્રીનું નામ –

પ્રશ્ન :- ૪ મેલેરીયા રોગનો ફેલાવો કઈ રીતે થાય છે, તેના ચિન્હો કયા છે, તેની સારવાર અને નિદાન માટે શુ સુવિધા છે?

જવાબ :- મેલેરીયા રોગના પરોપજીવી જંતુ ધરાવતા ચેપી માદા એનોફીલીસ મચ્છર જ્યારે તંદુરસ્ત માણસને કરડે ત્યારે તે વ્યક્તિને મેલેરિયા થાય છે.

<u>મેલેરિયાના રોગના ચિન્હો</u> -

- સખત ઠંડી લાગે
- ધ્રુજારી સાથે તાવ આવે
- એકાતરે દિવસે તાવ આવે
- માથુ દુખે, શરીર દુખે, કળતર થાય
- ઉલ્ટી થાય ઉબકા આવે
- તાવ ઉતરે ત્યારે ખુબ પરસેવો વળે

<u>મેલેરિયાના રોગની સારવાર</u> -

- મેલેરિયાના દર્દીને ભારત સરકારશ્રીની ઔષધસુચિ મુજબ સારવાર આપવામાં આવે છે જેમાં ક્લોરોક્વીન, પ્રાઈમાક્વીન, ક્વીનાઈન, આર્ટીમીસીન બેઈઝડ કોમ્બીનેશન થેરાપી(**ACT**) જેવી મેલેરિયા વિરોધી ઔષધોનો સમાવેશ થાય છે.

<u>નિદાન માટેની સુવિધા</u>

- રાજ્યમાં તમામ સરકારી સંસ્થાઓ જેવી કે, હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં મેલેરિયા રોગનું વિનામૂલ્યે નિદાન કરવામાં આવે છે.
- આશા તથા આરોગ્ય કાર્યકરો દ્વારા તેઓની ક્ષેત્રિય ફેરણી દરમ્યાન તાવના દર્દીના લોહીના નમુના લેવામાં આવે છે અને તપાસ અર્થે નજીકના આરોગ્ય કેન્દ્રમાં મોકલી

આપવામાં આવે છે જ્યાં માઈક્રોસ્કોપ દ્વારા તેનું પરીક્ષણ કરી મેલેરિયાનું નિદાન કરવામાં આવે છે.

- અંતરિયાળ વિસ્તારમાં રેપીડ ડાયગ્નોસ્ટીક ટેસ્ટ કીટ મારફતે લોહીની તપાસ કરી નિદાન કરવામાં આવે છે.

અગ્રતા ક્રમાંક -૨૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૫/૩/૫૨૭

માન.ધારાસભ્યશ્રીનું નામ –

પ્રશ્ન : ૫ રોગના અટકાયત અને નિયંત્રણ માટે શુ પગલા હાથ ધરવામાં આવે છે.

જવાબ:- રાજ્યમાં મેલેરીયા રોગના અટકાયત અને નિયંત્રણ માટે નીચે મુજબ પગલા હાથ ધરવામાં આવે છે.

- આરોગ્ય કાર્યકરો દ્વારા ઘરે ઘરે ફરીને તાવના કેસોના લોહીના નમુના લેવામાં આવે છે તથા નજીકના આરોગ્ય કેન્દ્રમાં મેલેરિયા પરીક્ષણ અર્થે મોકલવામાં આવે છે. જે પૈકી મેલેરિયા પોઝીટીવ માલુમ પડે તો ભારત સરકારશ્રીની ઔષધસુચિ મુજબ મેલેરિયાની સારવાર કરવામાં આવે છે.
- મચ્છર ઉત્પતિ અને નિયંત્રણ માટે અઠવાડીક ધોરણે પોરાનાશક કામગીરી .
- મેલેરિયા માટે જોખમી ગામોમાં જંતુનાશક દવા છંટકાવની કામગીરી
- મેલેરીયા માટે વધુ સંવેદનશીલ વિસ્તારોમાં લાંબાગાળાની જંતુનાશક દવાયુક્ત મચ્છરદાની પુરી પાડવામાં આવે છે.
- આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમો ના ઉપયોગ થકી લોકોની રોગ અટકાયત અને નિયંત્રણ કામગીરીમાં સક્રીય સામેલગીરી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો પણ હાથ ધરવામાં આવે છે.

અગ્રતા ક્રમાંક -૨૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૫/૩/૫૨૭

માન.ધારાસભ્યશ્રીનું નામ –

પ્રશ્ન : ૬ રાજ્યની ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩ સુધીની મેલેરિયાની પરિસ્થિતિ શું છે ?

જવાબ:- રાજ્યમાં ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩ સુધી નોંધાયેલ મેલેરિયા કેસ અને મરણની વિગતો :-.

| વર્ષ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી.એફ.કેસ | મરણ |
|---|---|---|---|---|
| ૨૦૨૧ (જાન્યુ થી ડીસે.) | ૧૪૨૯૬૭૨૩ | ૪૯૨૧ | ૪૬૫ | ૦ |
| ૨૦૨૨(જાન્યુ થી ડીસે.) | ૧૫૧૯૨૬૫૯ | ૪૭૮૫ | ૫૧૮ | ૦ |
| જાન્યુ. ૨૦૨૩ થી જુલાઈ ૨૦૨૩ સુધી | ૧૦૦૦૦૯૭૪ | ૧૩૬૫ | ૯૮ | ૦ |

જીલ્લા અને મહાનગરપાલિકા વાઈઝ વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩ સુધીમાં નોંધાયેલ મેલેરિયા કેસની વિગત દર્શાવતું પત્રક સામેલ રાખેલ છે.

વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩ સુધી જીલ્લા અને મહાનગરપાલિકા વાઈઝ નોંધાયેલ મેલેરિયા કેસ- ગુજરાત રાજ્ય

| ક્રમ | જિલ્લા / મહાનગરપાલિકા નું નામ | વર્ષ ૨૦૨૧ (જાન્યુ. થી ડીસે.) | | | વર્ષ ૨૦૨૨ (જાન્યુ. થી ડીસે.) | | | જુલાઈ ૨૦૨૩ સુધી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી. એફ કેસ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી. એફ કેસ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી. એફ કેસ |
| ૧ | અમદાવાદ | ૩૫૦૧૭૭ | ૫ | ૦ | ૩૯૬૫૦૦ | ૫ | ૧ | ૩૧૫૫૦૨ | ૧ | ૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | નડીઆદ | ૪૮૪૯૬૪ | ૪ | ૦ | ૫૦૫૩૩૦ | ૫ | ૦ | ૩૧૭૦૪૭ | ૧ | ૦ |
| ૩ | આણંદ | ૪૬૯૫૩૧ | ૩ | ૦ | ૪૯૬૯૭૧ | ૧૪ | ૩ | ૩૪૫૬૮૫ | ૨ | ૦ |
| ૪ | સુરેન્દ્રનગર | ૪૦૧૮૫૯ | ૨૦૬ | ૧૯ | ૪૧૧૨૦૬ | ૧૭૩ | ૧૭ | ૨૮૦૭૬૨ | ૪૨ | ૬ |
| ૫ | ગાંધીનગર | ૨૭૦૫૦૨ | ૬૧ | ૭ | ૨૮૧૩૮૫ | ૫૩ | ૧૦ | ૧૮૦૩૩૨ | ૨૩ | ૦ |
| ૬ | મહેસાણા | ૪૨૫૮૬૯ | ૬૨ | ૪ | ૪૭૫૨૫૩ | ૬૪ | ૧૦ | ૩૩૧૦૭૦ | ૪ | ૦ |
| ૭ | પાટણ | ૩૪૨૮૩૨ | ૪૦ | ૨ | ૩૪૦૦૯૫ | ૨૪ | ૦ | ૨૩૧૫૫૭ | ૨ | ૦ |
| ૮ | બનાસકાંઠા | ૭૩૧૬૨૯ | ૭૪ | ૦ | ૭૭૮૦૨૯ | ૫૦ | ૩ | ૫૮૨૯૨૮ | ૨૩ | ૧ |
| ૯ | સાબરકાંઠા | ૪૩૪૧૪૨ | ૭૧ | ૨૨ | ૪૧૯૬૫૨ | ૩૯ | ૧૩ | ૨૯૭૧૯૫ | ૬ | ૨ |
| ૧૦ | અરવલ્લી | ૨૭૫૩૪૯ | ૨૩ | ૩ | ૨૮૫૮૪૦ | ૮ | ૧ | ૧૮૯૧૮૩ | ૩ | ૦ |
| ૧૧ | વડોદરા | ૩૨૪૯૭૪ | ૩૨ | ૦ | ૩૨૨૭૮૦ | ૨૩ | ૨ | ૨૩૨૪૮૧ | ૪ | ૦ |
| ૧૨ | છોટાઉદેપુર | ૨૩૮૩૦૫ | ૪૫ | ૨ | ૨૩૫૩૨૬ | ૧૭ | ૦ | ૧૫૭૩૧૫ | ૧૦ | ૦ |
| ૧૩ | પંચમહાલ | ૩૬૫૫૫૫ | ૫૧ | ૪ | ૩૮૮૯૬૦ | ૭૮ | ૧૮ | ૨૪૦૨૦૧ | ૨૭ | ૬ |
| ૧૪ | મહીસાગર | ૨૫૦૨૫૨ | ૭૨ | ૧૬ | ૨૯૮૬૫૮ | ૪૭ | ૫ | ૨૦૬૭૮૮ | ૭ | ૧ |
| ૧૫ | દાહોદ | ૭૦૩૬૧૭ | ૨૮ | ૨ | ૬૬૨૪૨૭ | ૨૩ | ૨ | ૪૩૨૯૨૯ | ૬ | ૦ |
| ૧૬ | ભરુચ | ૩૪૩૩૭૪ | ૫૬ | ૭ | ૩૨૯૫૭૩ | ૩૧ | ૪ | ૧૯૯૫૫૧ | ૧૮ | ૦ |
| ૧૭ | નર્મદા | ૧૦૮૩૨૧ | ૨૬ | ૩ | ૧૨૬૭૪૭ | ૩૭ | ૬ | ૭૮૫૪૨ | ૪ | ૦ |
| ૧૮ | સુરત | ૨૮૩૦૫૭ | ૯૯ | ૧૧ | ૩૩૬૪૯૨ | ૧૨૪ | ૨૪ | ૨૬૮૮૮૮ | ૨૮ | ૧ |
| ૧૯ | તાપી | ૨૩૨૨૭૧ | ૨૬ | ૨ | ૨૪૯૭૫૧ | ૨૩ | ૮ | ૧૭૫૮૬૭ | ૩ | ૦ |
| ૨૦ | વલસાડ | ૩૦૦૯૨૦ | ૯ | ૨ | ૩૬૭૦૯૭ | ૮ | ૦ | ૨૫૮૭૭૪ | ૬ | ૦ |
| ૨૧ | નવસારી | ૩૩૭૬૪૯ | ૧૮ | ૨ | ૩૫૦૮૦૯ | ૨૧ | ૨ | ૨૨૧૭૬૩ | ૭ | ૧ |
| ૨૨ | ડાંગ | ૮૦૧૬૭ | ૧૧ | ૩ | ૭૪૧૩૬ | ૯ | ૧ | ૫૦૫૩૪ | ૩ | ૦ |
| ૨૩ | રાજકોટ | ૩૧૧૭૬૨ | ૧૨૨ | ૬ | ૩૫૭૦૦૫ | ૮૬ | ૪ | ૨૩૭૮૦૫ | ૨૪ | ૧ |
| ૨૪ | મોરબી | ૨૩૧૬૬૭ | ૩૨૫ | ૧૧ | ૨૫૨૦૬૧ | ૧૬૯ | ૪ | ૧૪૭૨૩૨ | ૩૮ | ૧ |
| ૨૫ | જામનગર | ૧૯૨૩૦૮ | ૨૨૯ | ૩ | ૨૧૪૦૯૫ | ૨૩૬ | ૧૪ | ૧૪૫૪૮૬ | ૬૧ | ૨ |
| ૨૬ | દ્વારકા | ૧૬૮૧૩૦ | ૭૪ | ૬ | ૧૫૭૧૪૨ | ૬૨ | ૦ | ૧૩૭૭૬૦ | ૨૫ | ૦ |
| ૨૭ | કચ્છ | ૫૯૫૨૫૭ | ૩૦૦ | ૧૬ | ૬૦૬૪૦૨ | ૫૩૭ | ૨૩ | ૪૨૩૧૯૭ | ૧૦૮ | ૨૦ |
| ૨૮ | પોરબંદર | ૧૩૪૮૭૩ | ૨૭ | ૧ | ૧૧૯૪૩૨ | ૨૭ | ૭ | ૮૦૬૧૫ | ૧૧ | ૨ |
| ૨૯ | ભાવનગર | ૪૬૧૧૩૬ | ૫૭ | ૧ | ૪૪૪૬૫૮ | ૨૮ | ૧ | ૨૯૭૯૨૪ | ૧૦ | ૨ |
| ૩૦ | બોટાદ | ૧૭૦૮૭૧ | ૧૧ | ૦ | ૧૭૨૦૪૬ | ૪ | ૦ | ૧૧૦૨૮૯ | ૧ | ૦ |
| ૩૧ | અમરેલી | ૩૩૦૦૫૫ | ૩૨૨ | ૩૫ | ૩૦૮૪૭૦ | ૩૩૦ | ૨૯ | ૨૫૫૮૮૨ | ૫૩ | ૦ |
| ૩૨ | જુનાગઢ | ૨૯૪૨૪૨ | ૧૨૨ | ૨ | ૩૩૧૦૮૩ | ૭૭ | ૫ | ૨૨૩૩૪૧ | ૨૩ | ૦ |
| ૩૩ | ગીરસોમનાથ | ૨૭૮૭૦૫ | ૫૩ | ૦ | ૨૭૩૪૨૪ | ૩૪ | ૨ | ૧૯૬૩૨૫ | ૧૧ | ૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | અમદાવાદ મહાનગરપાલિકા | ૧૨૩૫૨૩૭ | ૧૧૨૫ | ૧૩૮ | ૧૪૪૬૬૬૧ | ૧૪૬૩ | ૧૮૨ | ૮૫૮૪૨૧ | ૩૭૯ | ૧૯ |
| ૩૫ | ગાંધીનગર મહાનગરપાલિકા | ૭૫૨૨૬ | ૨૧૧ | ૪૨ | ૧૧૭૧૮૮ | ૧૦૬ | ૩૪ | ૬૨૬૭૪ | ૬૫ | ૮ |
| ૩૬ | વડોદરા મહાનગરપાલિકા | ૪૪૬૦૧૨ | ૧૩૩ | ૧૩ | ૪૫૬૦૦૪ | ૭૫ | ૧૨ | ૨૫૮૪૩૯ | ૨૭ | ૧ |
| ૩૭ | સુરત મહાનગરપાલિકા | ૯૮૨૨૭૦ | ૬૫૧ | ૭૦ | ૧૧૬૭૬૫૬ | ૫૮૩ | ૬૭ | ૫૮૦૦૬૪ | ૨૬૯ | ૨૨ |
| ૩૮ | રાજકોટ મહાનગરપાલિકા | ૨૮૮૮૩૧ | ૫૯ | ૩ | ૨૮૭૮૯૪ | ૫૦ | ૪ | ૧૭૯૮૨૧ | ૧૨ | ૦ |
| ૩૯ | જામનગર મહાનગરપાલિકા | ૧૪૬૨૫૦ | ૪૯ | ૩ | ૧૩૬૦૫૦ | ૨૬ | ૦ | ૭૯૫૮૭ | ૧૪ | ૧ |
| ૪૦ | ભાવનગર મહાનગરપાલિકા | ૧૩૧૬૭૨ | ૧૦ | ૦ | ૧૫૫૫૨૧ | ૪ | ૦ | ૯૧૯૬૭ | ૦ | ૦ |
| ૪૧ | જુનાગઢ મહાનગરપાલિકા | ૬૬૯૦૩ | ૧૯ | ૪ | ૫૬૮૫૦ | ૧૨ | ૦ | ૩૯૨૫૧ | ૪ | ૧ |
| રાજ્યનું કુલ | | ૧૪૨૯૬૭૨૩ | ૪૯૨૧ | ૪૬૫ | ૧૫૧૯૨૬૫૯ | ૪૭૮૫ | ૫૧૮ | ૧૦૦૦૦૯૭૪ | ૧૩૬૫ | ૯૮ |

**નોંધ - વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩(જુલાઈ સુધી ) મેલેરિયાથી એક પણ કન્ફર્મ મરણ નોંધાયેલ નથી.**

અગ્રતા ક્રમાંક -૨૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૫/૩/૫૨૭

માન.ધારાસભ્યશ્રીનું નામ –

પ્રશ્ન ૭ :- અમદાવાદ જીલ્લાની વર્ષ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩ સુધીની મેલેરિયા રોગની તાલુકાવાર પરિસ્થિતિ શું છે ?

જવાબ:- અમદાવાદ જીલ્લાની વર્ષ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૩ સુધીની મેલેરિયા રોગની તાલુકાવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

તાલુકાવાર મેલેરિયાની અમદાવાદ જીલ્લાની પરિસ્થિતી (૨૦૨૧ - ૨૦૨૩)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૨૧ | | | ૨૦૨૨ | | | જુલાઈ ૨૦૨૩ સુધી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી.એફ કેસ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી.એફ કેસ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી.એફ કેસ |
| ૧ | દસક્રોઈ | ૫૯૫૫૦ | ૪ | ૦ | ૭૧૫૯૯ | ૧ | ૦ | ૫૧૦૪૩ | ૧ | ૦ |
| ૨ | ધોળકા | ૫૦૭૦૫ | ૧ | ૦ | ૬૦૪૯૯ | ૦ | ૦ | ૫૧૬૫૫ | ૦ | ૦ |
| ૩ | બાવળા | ૪૦૬૯૧ | ૦ | ૦ | ૪૨૨૧૭ | ૨ | ૦ | ૩૬૭૨૫ | ૦ | ૦ |
| ૪ | સાણંદ | ૬૩૨૧૪ | ૦ | ૦ | ૬૭૨૭૩ | ૧ | ૦ | ૫૨૪૬૩ | ૦ | ૦ |
| ૫ | દેત્રોજ | ૨૭૧૬૮ | ૦ | ૦ | ૩૧૨૯૦ | ૦ | ૦ | ૨૩૬૭૬ | ૦ | ૦ |
| ૬ | માંડલ | ૨૪૬૧૬ | ૦ | ૦ | ૨૬૧૮૯ | ૦ | ૦ | ૨૦૮૬૦ | ૦ | ૦ |
| ૭ | વીરમગામ | ૫૩૨૯૫ | ૦ | ૦ | ૬૨૭૯૩ | ૧ | ૧ | ૪૩૨૨૭ | ૦ | ૦ |
| ૮ | ધોલેરા | ૧૧૮૪૯ | ૦ | ૦ | ૧૦૭૮૭ | ૦ | ૦ | ૧૦૮૪૧ | ૦ | ૦ |
| ૯ | ધંધુકા | ૧૯૦૮૯ | ૦ | ૦ | ૨૩૮૫૩ | ૦ | ૦ | ૨૫૦૧૨ | ૦ | ૦ |
| કુલ | | ૩૫૦૧૭૭ | ૫ | ૦ | ૩૯૬૫૦૦ | ૫ | ૧ | ૩૧૫૫૦૨ | ૧ | ૦ |

અગ્રતા ક્રમાંક -૨૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૫/૩/૫૨૭

માન.ધારાસભ્યશ્રીનું નામ –

પ્રશ્ન : ૮ અમદાવાદ જીલ્લામાં મેલેરીયા રોગ નિયંત્રણ માટે શું કામગીરી હાથ ધરવામાં આવે છે?

જવાબ– અમદાવાદ જિલ્લામાં મેલેરિયા રોગને નિયંત્રણમાં રાખવા માટે

- આરોગ્ય કાર્યકરો દ્વારા ઘરે ઘરે ફરીને તાવનું ઘનિષ્ઠ સર્વેક્ષણ કરવામાં આવે છે.
- તાવના કેસોના લોહીના નમુના મેળવી મેલેરિયાના નિદાન માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવે છે.
- મેલેરિયાનું નિદાન થયેથી ભારત સરકારશ્રીની ઔષધસુચિ મુજબ સારવાર આપવામાં આવે છે.
- આશા તથા આરોગ્ય કાર્યકરો દ્વારા અઠવાડીક ધોરણે પોરાનાશક કામગીરી કરી મચ્છર ઉત્પતિ સ્થાનોનો નાશ કરવામાં આવે છે.
- પાણીનો ભરાવો વધુ હોય તેવા સ્થળો જેવા કે તળાવ, જળાશયો વગેરેમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવે છે.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

અગ્રતા ક્રમાંક -૨૦

તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૧૫/3/૫૨૭

માન.ધારાસભ્યશ્રીનું નામ –

પ્રશ્ન ૯ :- રાજ્યની તા.3૧/૦૭/૨૦૨3 ની સ્થિતીએ છેલ્લા બે વર્ષની મેલેરિયા રોગની પરિસ્થિતિ શું છે ?

જવાબ:- રાજ્યની તા.3૧/૦૭/૨૦૨3 ની સ્થિતીએ છેલ્લા બે વર્ષની મેલેરિયા રોગની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| વર્ષ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી.એફ.કેસ |
|---|---|---|---|
| ઓગસ્ટ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ | ૧૫૫૫૪૬૬૧ | ૫૧૧3 | ૪૫3 |
| ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨3 | ૧૨૨૬૭૧૧૧ | ૨3૧૬ | ૨૯૧ |

પુરક માહિતી

## રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ

મેલેરિયા -

- રાજ્યમાં ૨૦૨૧ થી ૨૦૨૩ના વીક ૩૫ (તા.૩/૯/૨૦૨૩) સુધી નોંધાયેલ મેલેરિયા કેસ અને મરણની વિગતો :-

| વર્ષ | તપાસેલ લોહીના નમુના | કુલ મેલેરિયા કેસ | પી.એફ. કેસ | મરણ |
|---|---|---|---|---|
| ૨૦૨૧ (જાન્યુ થી ડીસે.) | ૧૪૨૯૬૭૨૩ | ૪૯૨૧ | ૪૬૫ | ૦ |
| ૨૦૨૨(જાન્યુ થી ડીસે.) | ૧૫૧૯૨૬૫૯ | ૪૭૮૫ | ૫૧૮ | ૦ |
| ૨૦૨૨ (વીક ૩૫ સુધી) | ૭૬૭૨૪૨૩ | ૨૦૭૬ | ૧૬૦ | ૦ |
| ૨૦૨૩ (વીક ૩૫ સુધી) | ૧૦૯૭૨૧૭૦ | ૧૯૬૯ | ૧૮૪ | ૦ |

- રાજ્યના તમામ જીલ્લા અને મહાનગરપાલિકાઓમાં મેલેરિયા રોગનું પ્રમાણ દર ૧૦૦૦ ની વસ્તીએ ૧ થી નીચે રહેતા મેલેરિયા નિર્મુલન સ્ટ્રેટેજીના ભાગરૂપે રાજ્યનો વર્ષ ૨૦૨૨ માં કેટેગરી-૨માંથી કેટેગરી-૧ માં સમાવેશ થતાં માન. ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩માં વીક ૩૫ સુધીમાં ૧૦૯૭૨૧૭૦ તાવના કેસોના લોહીના નમુના એકત્ર કરવામાં આવેલ છે. જે ભારત સરકારશ્રીના આપવામાં આવેલ ૧૨% ના લક્ષ્યાંક સામે ૧૦૦% ની સિધ્ધિ હાંસલ કરેલ છે.
- વર્ષ ૨૦૨૩ માં લોહીના નમુનાના પરીક્ષણથી નિદાન થયેલ તમામ ૧૯૬૯ મેલેરિયા કેસોને સંપૂર્ણ સારવાર પુરી પાડવામાં આવી.
- ચાલુ વર્ષે ૩૪૪૭૦૦ રેપીડ ડાયગ્નોસ્ટીક કીટ રાજ્યના અંતરીયાળ વિસ્તારોમાં મેલેરિયા રોગના નિદાન માટે પુરી પાડવામાં આવી.

- ચાલુ વર્ષે મેલેરિયા માટે જોખમી ૩૧૯ ગામોની ૩.૫૧ લાખની વસ્તીને જંતુનાશક દવા છંટકાવના નિયત રાઉન્ડ હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- મેલેરિયા માટેના સંવેદનશીલ વિસ્તારોમાં ૨૧.૫૮ લાખ લાંબાગાળાની જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં ૨૯૯૯ પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્ર કાર્યરત છે.
- વાહક જન્ય રોગ અટકાયત માટે ૪૪૪ વેક્ટર કંટ્રોલ ટીમ (૨૨૨૦ વ્યક્તિ) ટ્રાન્સમીશન સીઝન દરમ્યાન રોકવામાં આવેલ છે.
- હાઉસ ટુ હાઉસ કામગીરીના પ્રથમ રાઉન્ડ દરમ્યાન ૭૬.૮% વસ્તી એટલે કે ૫,૪૬,૯૨,૩૬૦ વસ્તીને આવરી લેવામાં આવેલ છે અને જેમાં ૨.૮૧ લાખ લોહીના નમુના એકત્ર કરવામાં આવેલ. સર્વેલન્સ દરમ્યાન જોવા મળેલ ૪૯૮૨૭૩ મચ્છર ઉત્પતિ સ્થાનોનો સંપૂર્ણ નાશ કરવામાં આવેલ છે તથા ૨.૦૭ લાખ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.
- હાઉસ ટુ હાઉસ કામગીરીના બીજા રાઉન્ડ દરમ્યાન ૮૨.૮% વસ્તી એટલે કે ૫,૮૯,૫૦,૬૮૩ વસ્તીને આવરી લેવામાં આવેલ છે અને જેમાં ૩.૧૨ લાખ લોહીના નમુના એકત્ર કરવામાં આવેલ. સર્વેલન્સ દરમ્યાન જોવા મળેલ ૫૭૮૮૦૩ મચ્છર ઉત્પતિ સ્થાનોનો સંપૂર્ણ નાશ કરવામાં આવેલ છે તથા ૩.૭૧ લાખ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવેલ છે.
- પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશ્યલ મીડીયા જેવા આરોગ્ય શિક્ષણના માધ્યમોના ઉપયોગથી જનસમુદાયની સક્રિય ભાગીદારી કેળવવામાં આવી.
- રોગ અટકાયત અને નિયંત્રણ કામગીરી માટે તમામ કક્ષાએ પુરતા પ્રમાણમાં ઔષધો અને સાધનસામગ્રી પુરી પાડવામાં આવેલ છે.
- રોગની પરિસ્થિતીનું દૈનિક, અઠવાડિક અને માસિક ધોરણે તમામ કક્ષાએથી દેખરેખ અને સુપરવિઝન.